મોટર ટ્રાન્સપોર્ટ પ્રભાગની વિવિધ સંવર્ગની
જગ્યાઓ આઉટસોર્સિંગથી ભરવા બાબત

ગુજરાત સરકાર,
ગૃહ વિભાગ,
ઠરાવ ક્રમાંક: **HD/MHK/e-file/8/2022/3252/C1**
સચિવલાય, ગાંધીનગર
તા. /૧૧/૨૦૨૩

**વંચાણે લીધા:-**

(૧) ગૃહ વિભાગનો તા.૨૩/૦૯/૨૦૨૪નો ઠરાવ ક્રમાંક: HD/MHK/e-file/8/2022/3252/C1

(૨) પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરીનો, ગુજરાત રાજ્ય,ગાંધીનગરનો તા.૦૩/૧૦/૨૦૨૪નો પત્ર ક્રમાંક:જીએમટી/મકમ/એમ.ટી સંવર્ગ/આઉટસોર્સ/૨૫૩૫/૨૦૨૪

**ઠ રા વ:-**

પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી હેઠળ કાર્યરત મોટર ટ્રાન્સપોર્ટ પ્રભાગ દ્વારા પોલીસ ખાતાના તમામ વાહનોનું મઈન્ટેનન્સ અને વાહન-રીપેરીંગનું કાર્ય કરવામાં આવે છે. આ પ્રભાગના વર્ગ-૩ના સિવિલિયન સંવર્ગની જગ્યાઓ સીધી ભરતીથી ભરવામાં વિલંબ થાય એમ હોય ઉક્ત ખાલી જગ્યાઓને કારણે અનુભવાતી મુશ્કેલીઓને ધ્યાને લઈ ઉક્ત જગ્યાઓ આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવા વંચાણે લીધા ક્રમાંક (૧) સામે દર્શાવેલ તા.૦૩/૧૦/૨૦૨૪ના પત્રથી પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા દરખાસ્ત કરવામાં આવેલ.

૨. ઉક્ત દરખાસ્ત પરત્વે કાળજીપૂર્વકની વિચારણાને અંતે નીચેના કોષ્ટકમાં કોલમ-૨માં સૂચવેલ સંવર્ગો માટે તેની સામે કોલમ-૩માં દર્શાવેલ જગ્યાઓ જે તે સંવર્ગની સામેના કોલમ-૪માં સૂચવેલ માસિક મહેનતાણાના દરે જગ્યાઓની સેવાઓ સરકાર માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે આઉટસોર્સથી અથવા ઉમેદવાર ઉપલબ્ધ થાય એ બન્નેમાંથી જે વહેલું હોય એ મુજબ જગ્યાઓ ભરવાની મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | સંવર્ગ | જગ્યા | સુચિત મહેનતાણું |
|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ |
| ૧ | સ્ટોર કીપર, વર્ગ-૩<br>Skilled | ૨ | ૧૬૦૦૦/- |
| ૨ | વેલ્ડર ગ્રેડ-૧, વર્ગ-૩<br>Semi-Skilled | ૮ | ૧૫૦૦૦/- |
| ૩ | વેલ્ડર ગ્રેડ-૨, વર્ગ-૩<br>Semi-Skilled | ૧૨ | ૧૫૦૦૦/- |
| ૪ | મોટર વ્હિકલ ફીટર, ગ્રેડ-૧, વર્ગ-૩<br>Semi-Skilled | ૫ | ૧૫૦૦૦/- |

Signature Not Verified
Signed by:Ronak Modi
Under Secretary
Date: 2024.11.20
15:54:44 +05:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign

| | | | |
|---|---|---|---|
| ૫ | મોટર વ્હિકલ ફીટર, ગ્રેડ-૨, વર્ગ-૩<br><br>Semi-Skilled | ૧૧ | ૧૫૦૦૦/- |
| ૬ | મોટર વ્હીકલ ફીટર, ગ્રેડ-૩, વર્ગ-૩<br><br>Semi-Skilled | ૧૨ | ૧૫૦૦૦/- |
| ૭ | ઈલેક્ટ્રીશિયન ગ્રેડ-૧, વર્ગ-૩ Semi-Skilled | ૦૩ | ૧૫૦૦૦/- |
| ૮ | ઈલેક્ટ્રીશિયન ગ્રેડ-૨, વર્ગ-૩<br><br>Semi-Skilled | ૧૮ | ૧૫૦૦૦/- |
| ૯ | ટર્નર ગ્રેડ-૧, વર્ગ-૩ Semi-Skilled | ૦૩ | ૧૫૦૦૦/- |
| ૧૦ | પેઈન્ટર ગ્રેડ-૧, વર્ગ-૩ Semi-Skilled | ૦૩ | ૧૫૦૦૦/- |
| ૧૧ | પેઈન્ટર ગ્રેડ-૨, વર્ગ-૩ Semi-Skilled | ૦૨ | ૧૫૦૦૦/- |
| ૧૨ | અપહોસ્ટર, ગ્રેડ-૨, વર્ગ-૩<br><br>Semi-Skilled | ૦૩ | ૧૫૦૦૦/- |
| | કુલ | ૮૨ | - |

૩. આ હુકમ E-SARKAR FILE NO: HD/MHK/e-file/8/2022/3252/C1 પર નાણા સલાહકારશ્રી(ગૃહ)ના પરામર્શમાં અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગની તા.૦૮/૧૧/૨૦૨૪ ની Note- ૧૫૭થી મળેલ મંજૂરી અન્વયે કરવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

**(રોનક મોદી)**

ઉપસચિવ

ગૃહ વિભાગ

**પ્રતિ,**

- પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- પોલીસ મહાનિરીક્ષકશ્રી, (વહીવટ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક પોલીસ મહાનિદેશકશ્રી(તકનીકી સેવાઓ), ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- અધિક સચિવશ્રી(ક.ગ), ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, રાજકોટ/અમદાવાદ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, અમદાવાદ
- નાણાં સલાહકારશ્રી(ગૃહ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, ક અને આર શાખા, ગૃહ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સેક્શન અધિકારીશ્રી, મ શાખા, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- શાખા સીલેક્ટ ફાઇલ/નાયબ સેક્શન અધિકારી સીલેક્ટ ફાઇલ